© 2016 IJSRST | Volume 2 | Issue 1 | Print ISSN: 2395-6011 | Online ISSN: 2395-602X
Themed Section: Science and Technology

# અવગણી ન શકાય તેવો વાસ્તવ એટલે 'મહાભારત'

**પ્રા જી.જે.દેસાઇ**

**આસીસ્ટંટ પ્રોફેસર**

**ડી.સી.એમ. આર્ટ્સ & કોમર્સ કોલેજ**

**વીરમગામ**

જેમ 'રામાયણ' મનુષ્યને જીવન આ પ્રમાણેનું હોવું જોઈએ એમ સમજાવે છે તેમ 'મહાભારત' કહે છે કે મનુષ્યજીવન આ પ્રકારનું છે.અર્થાત્ 'રામાયણ' એક આદર્શજીવનનું કાવ્ય છે જ્યારે 'મહાભારત' વાસ્તવજીવનનું કાવ્ય છે.આ બંને જ કાવ્યો મનુષ્ય માટે ઉપયોગી અને સ્વીકાર્ય બને તેમ છે કેમ કે તે મનુષ્યને જીવનનો પૂર્ણ ચિતાર આપે છે.મનુષ્ય જેમ જેમ જીવનનો વિકાસ કરતો ગયો તેમ તેમ તેનું જીવન વધારે ને વધારે સંકુલ બન્યું છે.જીવનની આવી ઘણી સંકુલતાઓ આપણને 'મહાભારત' માં જોવા મળે છે.'મહાભારત' સ્ત્રી, સંપત્તિ, અધિકાર, સ્વમાન અને ગરિમા માટેનું યુદ્ધ વર્ણવે છે.આ કાવ્ય જીવનનું એવું રૂપ દર્શાવે છે જે લગભગ આપણી આસપાસ દિનપ્રતિદિન પ્રવર્તી રહ્યું છે.વ્યાસ નિજ કુટુંબની કથા કહે છે અને જીવનનું સમ્યક દર્શન કરાવે છે. મનુષ્ય સ્વભાવમાં જેટલો ઉન્નત બની શકે છે એટલો જ નિમ્ન અને અધમ પણ બની શકે છે.મનુષ્ય સ્વાર્થીપણાની હદ વટાવી શકે છે તેમ તે નિઃસ્વાર્થી પણ થઈ શકે છે.એના માટે સ્વ જ કેન્દ્રમાં છે તેમ એ પરમાર્થ પણ કરી શકે છે.સરવાળે મનુષ્ય સ્વભાવની સબળતા અને નિર્બળતાનો એવો એક પૂંજ છે જે નિરંતર પોતાના જુદા જુદા પરિમાણોમાં રાચતો રહે છે.મનુષ્યચિત્તનો તાગ પામવો કઠિન છે.રામ જેટલા સરળ છે એટલા જ 'મહાભારત' નાં પાત્રો સંકુલ છે.સંકુલતા જ મનુષ્યનો સ્વભાવ છે.આથી જ મનુષ્ય જેટલો આદર્શવાદી નથી એટલો વાસ્તવવાદી છે અને વિશેષમાં કહીએ તો તે આડંબરી છે.અહીં સ્વભાવની સરળતા એ દંડનીય છે જ્યારે રમતખોરી એ કુત્સિત આનંદ પ્રદાન કરે છે.યુધિષ્ઠિર અને દુર્યોધન બે એવા પાત્રો છે જે વિરુદ્ધ સ્વભાવના છે.અર્થાત્ સ્વભાવની સરળતાએ હંમેશા મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે જ્યારે જીવનમાં નિરંતર સ્વાર્થ, ઈર્ષ્યા અને કપટનાં સહારે જીવનારને આનંદ મળે છે.મુખ્યત્વે, પાંડવો અને કૌરવો એ મનુષ્યજીવનના કે મનુષ્યસ્વભાવના પ્રતીકો છે.જીવનમાં કેવળ આદર્શને જ સ્વીકારવો એટલે જીવનના એકાંગી પાસાંને સ્વીકારવું જ્યારે વાસ્તવને સ્વીકારવો એટલે જીવનનું સમ્યક સ્વરૂપનું જ્ઞાન થવું.જ્યારે મનુષ્ય વાસ્તવને સ્વીકારી લે છે ત્યારે તેના માટે દુ:ખ , મુશ્કેલી, ચિંતા અને સંઘર્ષ પરેશાનીનું કારણ બનતાં નથી પણ તે જીવનનો એક અનિવાર્ય ભાગ બની જાય છે અને મનુષ્ય નિરંતર કર્મમાં પ્રવૃત્ત રહે છે.

ઈર્ષ્યા, અહંકાર, સ્વાર્થ, કપટ, જીદ, અસત્ય, અધર્મ અને મુત્સદીગીરીથી મનુષ્ય પોતાને માટે ઘણું ઘણું કરી શકે છે. 'મહાભારત' માં દુર્યોધન, કૃષ્ણ, ધૃતરાષ્ટ્ર, દુ:શાસન, ગંગાપુત્ર ભીષ્મ, દ્રુપદ, દ્રોપદી, કર્ણ, શકુનિ, દ્રોણાચાર્ય વગેરે પાત્રો આ પ્રકારનાં છે.આ બધાં પાત્રો મનુષ્ય સ્વભાવની કોઈ ને કોઈ બાબતોને પ્રકાશિત કરે છે.આ સઘળાં પાત્રો

મનુષ્યનાં પ્રતીકો છે.આપણી આસપાસ પ્રવર્તમાન છે અથવા તો એમ કહી શકાય કે આપણા સ્વભાવમાં આ પાત્રોનું પ્રતિબિંબ પડે છે.એથી તે આપણને વાસ્તવિક અને સ્વીકાર્ય જણાય છે જ્યારે આદર્શને ધારણ કરવો મુશ્કેલ છે કેમ કે એને સંસારમાં અમલમાં મૂકવો સરળ નથી. જ્યારે બીજી તરફ વાસ્તવ તો સામેથી આવી મનુષ્યને ભેટે છે અને સહજ પ્રાપ્ય છે.સંસારમાં ઈર્ષ્યા ન કરનાર, સ્વાર્થ સિદ્ધ ન કરનાર, અહંકાર ન ધરનાર, કપટ ન આચરનાર, મિથ્યા જીદે ન ચઢનાર, અસત્ય ન ઉચ્ચારનાર, અધર્મ ન કરનાર અને મુત્સદીગીરીને ન અપનાવનાર કોણ હોય શકે ? મનુષ્ય નિર્બળ છે એમ કહીશું તો સામે એવી દલીલ થશે કે મનુષ્ય સબળ છે ત્યારે એમ કહેવું જ વધારે ઉપયુક્ત લાગે છે કે મનુષ્ય પરિસ્થિતિને આધીન છે, સંજોગોનો ગુલામ છે.આથી તે એ પ્રમાણે વર્તે છે.પરંતુ મનુષ્ય પરિસ્થિતિને પણ માત આપી શકે છે તે તેની સબળતાની નિશાની છે.કર્ણ, ભીષ્મ, દ્રોણાચાર્ય, દ્રુપદ, દ્રોપદી, યુધિષ્ઠિર, કુંતા, ધૃતરાષ્ટ્ર આદિ કેટલાંય પાત્રો પરિસ્થિતિ પ્રમાણે વર્તે છે.આ બધાં પાત્રો કથામાં કોઈ ને કોઈ પ્રકારની પરિસ્થિતિના દાસ છે.એઓ જીવનમાં નિર્માયેલી પરિસ્થિતને બદલી શકવા સક્ષમ છે પણ તેમ કરતાં નથી અને પોતાને સંજોગાધીન કહીને પોતાની જવાબદારીની ઇતિશ્રી માને છે.એ જ તો મનુષ્યજીવનની ન અવગણી શકાય તેવી વાસ્તવિકતા છે.

પરિસ્થિતિનું નિર્માણ મનુષ્ય કરે છે અને પરિસ્થિતિ મનુષ્યને નિર્મે છે.વ્યક્તિના જીવનમાં બનતી વિવિધ પ્રકારની પરિસ્થિતિ એ તેનો જીવન વાસ્તવ છે.દૃષ્ટાંત તરીકે જોઈએ તો ભીષ્મના જીવનમાં જે વાસ્તવ નિર્માયો છે તે પિતૃભક્તિને લીધે અને આજીવન હસ્તિનાપુરના સિંહાસનને પ્રામાણિક અને વફાદાર રહેશે અને જીવનભર તેને વફાદાર પણ રહે છે.પરંતુ આ વફાદારીએ જ તેને અધર્મનો પક્ષકાર બનાવ્યો.ધાર્યું હોત તો દુર્યોધન, દુશાસન, કર્ણ, શકુનિ આદિને દંડિત કરી શક્યા હોત પણ તેમ કરી શકતા નથી.એ તેમની મર્યાદા અથવા તો તે એમણે સ્વીકારી લીધેલી જીવનસ્થિતિ છે.ધૃતરાષ્ટ્ર દીકરાની જીદને વશ છે કેમ કે તેને સિંહાસનનો મોહ છે. વાસ્તવિકતાનો તેણે સ્વીકાર કર્યો નથી એટલે મળેલ સિંહાસનનો લગાવ તે જતો કરવા ઈચ્છતો નથી.અનિષ્ટનું મૂળ દ્યુત છે તે ધુતરાષ્ટ્ર જાણતો હોવા છતાં અનુમતિ આપે છે તે તેની લાલસા છે. પોતાના દીકરા અને રાજ્યનો કોઈ પ્રતિદ્વંદ્વી કોઈ ન હોય તેવી તેની ઇચ્છા છે.કોઈની મૂર્ખામી, આપત્તિગ્રસ્ત સ્થિતિ અને ભૂલ પર હસવું તે પણ સ્વ માટે ક્યારેક મુશ્કેલી સર્જી શકે છે તે દ્રોપદીના પાત્રથી સમજાય છે.પોતાના પર હસેલી દ્રોપદીને બેઈજ્જત કરવાની તક દુર્યોધન જતી કરતો નથી. તેમાં દુઃશાસન, કર્ણ અને શકુનિ પણ ભૂમિકા ભજવે છે. કર્ણ સૂતપુત્ર છે એટલે અસ્પૃશ્ય ગણાય તેવો મહાભારતકાલીન રિવાજ છે.તે રાજકુમારોની જેમ લડી ના શકે તેમજ સ્વયંવર જેવી સ્પર્ધામાં પણ ભાગ ન લઈ શકે.પરંતુ દ્રોપદી સ્વયંવરમાં તે સ્પર્ધક બને છે અને દ્રોપદીથી અપમાનિત થવું પડે છે.એ અપમાનનું વેર લેતો હોય તેમ કર્ણ વસ્ત્રાહરણ સમયે દ્રોપદીને અપમાનિત કરવાનું ચૂકતો નથી.જ્યારે કોઈ એક વ્યક્તિનું અપમાન થાય ત્યારે સામેની વ્યક્તિ પણ તે અપમાનનું વેર વાળવા ઉત્સુક જ હોય છે.ક્ષમા આપવાનું તેણે સૂઝતું જ નથી અથવા તો ક્ષમાને વિસરાવી દે છે અથવા તો ક્ષમાને તે કાયરતાની નિશાની માને છે.આમ,વૈમનસ્ય વધતું રહે છે અને તે ક્યારેક મહત્ સ્વરૂપ ધારણ કરે છે એટલે મહાભારત.મનુષ્યજીવનની આવી કેટલીય પરિસ્થિતિ વાસ્તવની કુરૂપતાને ઇંગિત કરે છે.યુદ્ધ હંમેશા જીવનમાં

ચિંતા, વ્યગ્રતા, સંઘર્ષ, દુઃખ, આપત્તિ, ઉદાસી, અશાંતિ, અસ્વસ્થતા, એકલતા અને નિરાશા લાવે છે.મનુષ્ય આ સમજતો હોવા છતાં તેમાથી છૂટી શકતો નથી તે એની મર્યાદા કે જીવનની વાસ્તવિકતા દર્શાવે છે.

એક તરફ અર્જુન-કૃષ્ણ, દુર્યોધન-કર્ણ અને દ્રોણાચાર્ય અને દ્રુપદની મિત્રતા છે.આ ત્રણેય પ્રકારની મિત્રતામાં જુદા જુદા પ્રકારની પરિસ્થિતિ નિર્માયેલી છે.એકમાં, નિઃસ્વાર્થ છે, બીજામાં સ્વાર્થ છે અને ત્રીજામાં ઉચ્ચતા અને નિમ્ન અવસ્થા કારણભૂત બને છે.અહીં ઉચ્ચતા અને પોતાની રાજવી જીવનસ્થિતિનો અહંકાર પણ છે.એટલે ગુરુકુળમાં નિર્માયેલી મિત્રતાને રાજસિંહાસન પર બેઠેલ દ્રુપદ વિસરી જાય છે.સ્વાભાવિકપણે મનુષ્યને પોતાની ઉચ્ચતા, સંપત્તિ અને સત્તાનું અભિમાન રહે છે અને એવા અહંકારમાં તે મિત્રતાને બાજુએ મૂકી દે.દ્રુપદ અને દ્રોણની મિત્રતામાં એ જોવા મળે છે. આથી રાજા બનેલ દ્રુપદ પાસે દ્રોણ જ્યારે ગુરુકુળની મિત્રતા યાદ કરાવે છે ત્યારે દ્રુપદ તેણે ધુત્કારી દે છે.અહીંયા રોપાતું વેરનું બીજ છેક મહાભારતના યુદ્ધ સુધી લંબાય છે.અશ્વત્થામા અને ધૃષ્ટદ્યુમ્ન એ વેરભાવના જ ફરજંદ છે. જીવનમાં સમતા ધરીને ક્ષમાભાવ કેળવવો એ મનુષ્યનો સ્વભાવ નથી પણ તેનો સ્વભાવ તો વેર લેવું કે અપમાનની વળતી પ્રતિક્રિયા આપવી તે છે.દ્રુપદ અને દ્રોણની મિત્રતા એનું સારું દૃષ્ટાંત છે.મોટેભાગે મિત્રતા સ્વાર્થ પર જ નિર્ભર હોય છે અને રહે છે.તે દુર્યોધન અને કર્ણના સંબંધ દ્વારા સ્પષ્ટતા થાય છે.દુર્યોધન કર્ણ તરફ મિત્રતાનો હાથ પ્રસારે છે કે તેને અંગદેશનો રાજા બનાવે છે તે સ્વાર્થથી પ્રેરિત છે.એક કાબેલ માણસને ઉચ્ચ વર્ગમાં સ્થાન મળી શકતું નથી તે આપણા ભારતીય સમાજની વાસ્તવિકતા છે.કર્ણ ગુમનામીના અંધકારમાં રહેવા કરતાં દુર્યોધન પક્ષે રહે છે.તેને કદાચ કર્ણની લાચારી પણ કહી શકાય.પરંતુ કર્ણનો સંસ્કાર એ છે કે જેના દ્વારા પ્રતિષ્ઠા, નામ અને પદ પ્રાપ્ત થયું હોય તેના પ્રત્યે અવિશ્વાસ ન કરાય.આથી તે ઘણાય પ્રલોભનોને નકારે છે. જીવનમાં વ્યક્તિમાત્રને ચલિત કરે તેવા કેટલાંય લોભામણાં પ્રલોભનો મળતાં રહે છે પણ મનુષ્ય પોતાની સ્થિતિને વળગી રહે તે એના ઉચ્ચ સંસ્કારને પ્રતિપાદિત કરે છે.કર્ણએ દુર્યોધનને સ્વીકાર્યો છે પણ તેના અધર્મને અપનાવ્યો નથી તે એના ચરિત્રથી સ્પષ્ટ થાય છે.આથી માતા કુંતાને આપેલ વચન અને કૃષ્ણનું પ્રલોભન તેને તેના વૈયક્તિક ધર્મમાંથી ચલિત કરી શકતા નથી.દુર્યોધન અને શકુનિના દુરિત તત્વોના છાંટા તેના પર ઉડ્યાં છે પણ તેને અધર્મી કહેવો કર્ણના ચરિત્રને અન્યાય કરવા બરાબર છે.એના બધાં જ પ્રયત્નો અસ્તિત્વ સ્થાપન અર્થેના છે.અર્જુન અને કૃષ્ણ બન્ને પરસ્પરના પૂરક છે.કૃષ્ણ અર્જુનનો કેવળ મિત્ર જ નથી પણ માર્ગદર્શક અને ગુરુ છે.

મનુષ્યજીવનમાં કેટલીય નિર્ણાયક પળો કે કટોકટીની ક્ષણો આવતી રહે છે.ખરેખર તો ત્યારે જ માણસના સ્વભાવની કસોટી થાય છે.એવી ઘણી નિર્ણાયક પળો 'મહાભારત' માં પણ જોવા મળે છે.મનુષ્ય ક્યારેક ને ક્યારેક તો અંગત સ્વાર્થથી વર્તન કરે જ છે કેમ કે તેનામાં પરોપકારની વૃત્તિ ઓછી અને અંગત સ્વાર્થની વૃત્તિ વધુ હોય છે.તે કદી મોં માં આવેલ કોળિયાને બહાર કરતો નથી અને તે લગભગ એનો સ્વભાવ પણ નથી.મહાભારતનું યુદ્ધ પાંડવો અને કૌરવો પોતપોતાના સ્વાર્થ માટે જ લડી રહ્યા છે.પાંડવોને પોતાનો અધિકાર જોઈએ છે અને દુર્યોધને તે આપવો નથી.કોઈપણ મનુષ્ય પોતાના તાબા હેઠળ આવેલ વસ્તુને છોડવા તૈયાર ન જ હોય તેમ દુર્યોધન પણ નથી.આથી યુદ્ધ નિર્ણાયક

પરિબળ બને છે.આ યુદ્ધમાં યુધિષ્ઠિરને જ્યારે કૃષ્ણ અસત્ય બોલવા કહે છે ત્યારે જીવનભર સત્યપાલન અને ધર્મના આધારે જીવેલ યુધિષ્ઠિર અંદરથી હચમચી જાય છે.યુધિષ્ઠિરે દ્રોણાચાર્યને એટલું જ કહેવાનું છે કે તેમનો પુત્ર અશ્વત્થામા યુદ્ધમાં હણાયો છે.હકીકતમાં ભીમે આશ્વત્થામા નામક હાથીને હણ્યો હોય છે. દ્રોણાચાર્યનાં ઉત્સાહને ભંગ કરવા માટેનું જ આ કૃષ્ણ પ્રેરિત ષડયંત્ર હોય છે.પ્રથમ તો યુધિષ્ઠિર આ કહેવા તૈયાર નથી ત્યારે કૃષ્ણ તેને પરાજય માટે તૈયાર રહેવા કહે છે.આથી દ્રોણાચાર્ય ભીમના કથનને સત્ય માનવા તૈયાર નથી ત્યારે તેઓ યુધિષ્ઠિરને પૂછે છે અને યુધિષ્ઠિર પણ કહે છે કે ‘અશ્વત્થામા હણાયો છે’ પણ દ્રોણાચાર્ય ના સાંભળે તેમ ધીરેથી ‘હાથી કે મનુષ્ય’ એમ બોલે છે.આ પ્રકારનું વિધાન અંગત સ્વાર્થ પ્રેરિત છે, અર્ધસત્ય પણ એક પ્રકારનું જુઠ્ઠાણું છે જે યુધિષ્ઠિરે પરાણે બોલવું પડે છે.આ જીવનની એક અનિવાર્ય એવી વાસ્તવિકતાને દર્શાવે છે.યુદ્ધની ક્ષણ એ પાંડવો માટે કટોકટીની પળ છે અને તેમાં પણ યુધિષ્ઠિરનું અર્ધસત્ય ઘણું જ નિર્ણાયક સાબિત થાય છે.ઘણીવાર માણસ ના ઇચ્છતો હોવા છતાં પણ તેણે આવું બોલવું પડે છે અથવા તો વિજય માટે કે આગળ વધવા માટે પણ તેણે અસત્યનો સહારો લેવો જ પડે છે.આ માણસજાતની ન ઉવેખી શકાય તેવી વાસ્તવિકતા છે.નિતાંત સત્યવાદી વચનો સાંસારિક મનુષ્યના ન હોય શકે.દરેક મનુષ્ય આવા સ્વાર્થોથી ખદબદી રહ્યો છે.આવા માણસને અવગણી શકાય તેમ પણ નથી કેમ કે જીવનમાં સર્જાતી કટોકટીની પળો જ તેની પાસે આ પ્રકારનું વર્તન કરાવે છે.

વાસ્તવની જેમ સત્ય પણ હંમેશા દુ:ખદાયક જ હોય છે તે એક પ્રકારનું વિષ છે. જે વ્યક્તિ જીવનમાં વાસ્તવને પચાવી જાણે છે, દુ:ખને જીરવી શકે છે અને વિષપાન કરે છે તે જીવનને જાણી શકે છે. ગમે તેટલાં દુખ અને મુશ્કેલીઓના વિષપાન કરીને અડગ રહેતા આર્ય મનુષ્યને ભર્તૃહરીએ બિરદાવયો છે, यथा कन्दुकपातेनोत्पतत्यार्य: पतन्नपि | तथा त्वनार्य: पतति मृतपिण्डपतनम यथा || આમ છતાં પણ જીવન એટલું તરલ અને સૂક્ષ્મ છે કે તેમાં સર્જાતી નવા નવા પ્રકારની પરિસ્થિતિઓ માણસને હંમેશા બોધ કરાવતી જ રહે છે.જીવનમાં આદર્શ એ એક પ્રકારનો તરંગ છે, કલ્પના છે અને તેના સામૂહિક ચરિતાર્થની આશા રાખવી વ્યર્થ છે.જ્યારે વાસ્તવિકતા એ જીવનની નક્કર ભૂમિ છે.મનુષ્યને જેટલો આદર્શ શીખવાડતો નથી એટલી જીવનની વાસ્તવિકતા શીખવાડે છે.મનુષ્ય કોઈ એક વ્રત ધારણ કરે છે ત્યારે તે એનો આદર્શ છે પણ વ્રતનું તૂટવું તે એનો વાસ્તવ છે.આથી આદર્શ રળિયામણો ખરો અને આનંદ પણ આપે પરંતુ વાસ્તવ એવો શિક્ષક છે જે વ્યક્તિને શીખવાડે છે તે ક્યારેય વિસ્મરણીય ન હોય.‘મહાભારત’ મનુષ્યને વાસ્તવનો બોધ કરાવતું એવું જ અવિસ્મરણીય કાવ્ય છે.

સંઘર્ષ અને યુદ્ધ એ જીવનની અપરિહાર્ય એવી વાસ્તવિકતા છે જ્યારે આદર્શ એ તો કેળવેલી બાબત છે.સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસમાં મનુષ્યે આદર્શને સ્વીકાર્યું એ આવકાર્ય છે પણ એથી વાસ્તવને વિસ્મૃત કરવું અયોગ્ય છે.વાસ્તવ જ એવું સત્ય છે જે જીવનમાં અંતર્નિહિત છે.વાસ્તવનો અસ્વીકાર એ જીવનને વ્યગ્ર કરે છે, મનુષ્યે નિજી મર્યાદાને પણ પિછાણવી જરૂરી છે.આદર્શ મનુષ્યને સાંત્વના આપે છે, પ્રેરણા આપે છે પણ વાસ્તવ તો સતત પડછાયાની જેમ વ્યક્તિ સાથે સંકળાયેલ છે.ધૃતરાષ્ટ્ર અંધ હોઈ રાજસિંહાસન પર ન બેસી શકે એ તેનો વાસ્તવ છે પણ એ અસૂયા તેને

જીવનભર રહે છે. જ્યારે પાંડુ ગાદીત્યાગ કરે છે ત્યારે તેને જ રાજ્યધુરા સોંપાય છે.આ તકનો લાભ લઈ તે હસ્તિનાપુર પર એકાધિકાર જમાવી લે છે જે એની વર્ષો જૂની ઇચ્છા પણ હતી.પાંડુપુત્રોને તેમની અમાનત પાછી આપતો નથી કેમ કે એ રાજ્ય કે સત્તામોહી છે.તેની લાલસા નિર્મૂળ થઈ નથી, મોહ ઓછો થયો નથી અને આધિપત્યની ભાવનાથી ગ્રસિત છે.આ માત્ર ધૃતરાષ્ટ્રની જ સ્થિતિ નથી પણ દરેક સત્તા, સંપત્તિ, અધિકાર અને મોહગ્રસ્ત વ્યક્તિના જીવનનો વાસ્તવ છે.વળી, એને નિર્મૂળ કરવો કે અનાસક્ત રહેવું એ પણ વ્યક્તિના અધિકારની જ બાબત છે પરંતુ ધૃતરાષ્ટ્ર એમાંથી અળગો રહી શકતો નથી તે એના સ્વભાવની નિર્બળતા છે.જેવી સતા માટેની જીદ અને અજંપો ધૃતરાષ્ટ્રમાં છે તેવી જ જીદ અને અજંપો દુર્યોધનમાં પણ છે.એટલે જ તો પાંડવોની સ્વસ્થતા તે ક્યારેય પણ સ્વીકારી શકતો નથી. ઈર્ષ્યાને લીધે જ ઇંદ્રપ્રસ્થને હડપવા માટે દ્યુતનું આયોજન કરે છે અને એમાં કપટથી બધું જ હરી લે છે.યુદ્ધમાં મહારાજ શલ્યને કપટથી પોતાના તરફ કરી લે છે.ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા આદિને પણ પોતાના પક્ષમાં ભેળવી લેવામાં તે સફળ થાય છે.યુદ્ધમાં વ્યક્તિનું એક જ લક્ષ્ય હોય છે અને તે વિજેતા બનવાની.તેમાં સાધનશુદ્ધિની કોઈ અપેક્ષા રાખવાની હોતી નથી.મહાભારત યુદ્ધમાં આપણને જીવનના વાસ્તવનો પળે પળે ખ્યાલ આવતો રહે છે.યુદ્ધ આરંભાય છે એક ચોક્કસ પ્રકારના ધર્મની રક્ષા અર્થે પરંતુ અંતે આવતા આવતા તે કેવળ જીત કેન્દ્રી બને છે.

મનુષ્યનો જીવન ઉદ્દેશ્ય શુદ્ધ જ હોય તેમ માનવું અતિશયોક્તિ છે કેમ કે જીવન શુદ્ધતા કરતાં વિશેષ તો અશુદ્ધિઓથી સભર છે.કોઈપણ રીતે જીવવું તે માણસનું લક્ષ્ય છે એટલે જીવવા માટે કે સ્પર્ધામાં ટકી રહેવા માટે મનુષ્ય અનેક પ્રકારના કાવાદાવા કરવા નિરંતર લાલાયિત રહે છે.મહાભારત યુદ્ધ પૂર્વે ઘણા નિયમો બનાવાય છે પણ તે સ્થિર રહેતા નથી.મનુષ્ય જીવનમાં પણ નિયમ બનાવે પણ તેને વશવર્તીને રહેતો નથી.યુદ્ધની જેમ જીવન પણ નિયમબદ્ધ રહેતું નથી તે વાસ્તવને નકારી ન શકાય.દ્રૌપદી પાંચેય પાંડવોની પત્ની હોવા છતાં દરેક પાંડવની અન્ય પત્નીઓ પણ છે.દ્રૌપદીનું વરણ પાંડવોના એક ખાસ ઉદ્દેશ્યને ચરિતાર્થ કરે છે જ્યારે પાંડવોની અન્ય પત્નીઓ પુરુષની જાતીયતા અને તત્કાલીન સમાજના બહુપત્નીત્વને દર્શાવે છે.આ પણ જીવનની એક આવશ્યકતા છે.મહાભારતનું કોઈપણ પાત્ર આદર્શથી પ્રેરિત હોય તેમ જણાતું નથી.દરેક પોતપોતાના ચોક્કસ ઉદ્દેશ્યથી ચાલિત છે.જીવનમાં શું સારું કે શું ખોટું છે તે વ્યક્તિએ નિર્ણીત કરવાનું નથી તે સમય કરે છે, જીવનની પરિસ્થિતિ નક્કી કરે છે અને કર્મના ઉદ્દેશ્ય પરથી ફલિત થાય છે.જીવનમાં કર્મના ફળની આશા ના કરવી તે એક પ્રકારનો આદર્શ છે પણ શું મનુષ્ય ફળની આશા વિના જીવી શકે ખરો ? ન રહી શકે તે મનુષ્યજીવનનો વાસ્તવ છે.ગીતા માણસને જીવન જીવવાનો એક આદર્શ રસ્તો આપે છે પણ તે કેટલો કારગત નીવડે છે તે તપાસવાનું રહે.મૃત્યુનો શોક ન કરવો, અપેક્ષા ન રાખવી, પુનર્જન્મ પર વિશ્વાસ રાખવો, જીવનમાં અનાસક્ત થવું વગેરે ગીતાની કેટલીય બાબતો મનુષ્યને આદર્શ જીવનનો રસ્તો સુઝાડે છે પણ આવા આદર્શને કેટલા લોકો જીવનમાં ઉતારે છે ? જુદા જુદા ધાર્મિક પ્રસંગોની કથા કરનાર કદી આદર્શભાવ ધરીને જીવતા નથી.એમનું જીવન છેક આસક્તિથી ભરપૂર હોય છે તો ભારતીય પરંપરામાં આવા ચિંતનાત્મક ગ્રંથનું મહત્વ શું ? જીવનમાં કેવળ વાસ્તવનું જ મહત્વ છે અને વાસ્તવથી પ્રેરિત થઈને મનુષ્ય જીવન જીવે છે.આદર્શ તો મનુષ્યને દંભ શીખવાડે છે, અસત્યનો રાહ ચીંધે છે અને સરેરાશ મનુષ્યને મૂર્ખ બનાવાનો પ્રયત્ન છે.

## સંદર્ભ ગ્રંથ સૂચિ : -


- મહાભારત. પ્ર. ગીતાપ્રેસ ગોરખપુર
- શ્રીમદ્ ભાગવત મહાપુરાણ પ્ર. ચૌખંબા સંસ્કૃત પ્રતિષ્ઠાન. ૩૪-૧૭ જવાહરનગર બંગલો રોડ દીલ્હી-૧૧૦૦૦૭
- શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્ર. અશ્વિન બી. શાહ, સરસ્વતી પ્રકાશન, અમદાવાદ -૧
- શતક ચતુષ્ટય સંગ્રહ પ્ર. અશ્વિન બી. શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર- અમદાવાદ-૧
- હિતોપદેશ પ્ર. અશ્વિન બી. શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર- અમદાવાદ-૧
- શ્રીમદભગવદ્ ગીતા ભાવાર્થ-(૭ થી ૧૨ અધ્યાય) પ્રકાશન વતી મુકુંદ પી શાહ, ૬૧, એ, નારાયણ નગર સોસયટી- જય ભિખ્ખુ માર્ગ-પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭
- દશકુમાર ચરિતમ પ્ર. અશ્વિન બી. શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર- અમદાવાદ-૧
- મહાભારત-તૃતીય ખંડ (ઉધોગપર્વ અને ભીષ્મપર્વ) ગીતા પ્રેસ, ગોરખપુર
- મહાભારત-પ્રથમ ખંડ (શાંતિપર્વ) ગીતા પ્રેસ, ગોરખપુર
- મહાભારત-દિતિય ખંડ(વનપર્વ અને વિરાટપર્વ)ગીતા પ્રેસ ગોરખપુર
- મીમાંસા દર્શન-(મહર્ષિ જૈમિનિ) પ્રકાશક-સંસ્કૃતિ સંસ્થાન-બરેલી (યુ.પી.)
- વૈશેષિક દર્શન (મહર્ષિ કણાદ) પ્રકાશક-સંસ્કૃતિ સંસ્થાન-બરેલી (યુ.પી.)
- સંસ્કૃત લોક કથાઓ મેં ચિત્રિત લોકમાનસ, રાષ્ટ્રીય સંસ્કૃત સાહિત્ય કેંદ્ર-જયપુર
- મહાભારત-ચતુર્થ ખંડ (દ્રોણ કર્ણ શલ્ય સૌપ્તિક સ્ત્રીપર્વ) ગીતા પ્રેસ, ગોરખપુર
- મહાભારત- અનુશાસનપર્વ. પ્રકાશક-વસંત શ્રીપાદ સાતવલેકર, સ્વાધ્યાય મડંળ, ભારત મુદ્રાલય, કિ. પારડી જિ.વલસાડ
- મહાભારત- શાંતિપર્વ. પ્રકાશક-વસંત શ્રીપાદ સાતવલેકર સ્વાધ્યાય મડંળ, ભારત મુદ્રાલય કિ પારડી જિ.વલસાડ
- મહાભારત- આરણ્યકપર્વ પ્રકાશક- વસંત શ્રીપાદ સાતવલેકર સ્વાધ્યાય મડંળ, ભારત મુદ્રાલય કિ પારડી જિ.વલસાડ
- યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ (અ.૨-પ્રકરણ ૧ થી ૬ ) પ્ર.બાબુભાઇ પી.શાહ, પાર્શ્વ પ્રકાશન,અમદાવાદ